REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

VOL. XLVII] FRIDAY, 28TH APRIL, 2006/VAISAKHA 8, 1928 [No. 23

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

**PART-II** **EXTRAORDINARY**

## સુરત શહેરી વિકાસ સત્તામંડળ

## અધિસૂચના

*(ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧*

**નગર રચના યોજના નં.૨૪ (મોટાવરાછા-છત્રાણ) : સુડા : સુરત.**

નં. સુડા/પુ.૩/ટીપીએસ-૨૪ (મોટાવરાછા-ઉત્રાણ)૨૫૫૭/૦૬.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ(૧) અન્વયે રચાયેલ, સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના ઠરાવ નં. ૨૪૭૯(૨), તા. ૧૨-૦૪-૨૦૦૬થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ અન્વયે, મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ સહી કરેલ છે તે નકશામાં ગુલાબી રંગની ઘેરી લીટીથી દર્શાવેલ વિસ્તાર માટે નગર રચના યોજના નં. ૨૪(મોટાવરાછા-ઉત્રાણ) જેની ચર્તુસીમા 'પરિશિષ્ટ-અ' મુજબની છે. તે તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની નકલ સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી "સુડા ભવન", ક્લેકટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે આવેલ કચેરીમાં જાહેર રજાઓના દિવસો સિવાયના કામકાજના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૦૬.

(સહી) અવાચ્ય,
મુખ્ય કારોબારી અધિકારી,
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

પરિશિષ્ટ-અ

ચતુઃસીમા :

નગર રચના યોજના નં. ૨૪ (મોટાવરાછા-ઉત્રાણ) : સુડા : સુરત.

ઉત્તરે : (મોજે) મોટાવરાછા ગામના બ્લોક નં. ૩૨૯, ૩૨૮, ૩૨૪, ૩૨૨, ૩૨૦, ૩૧૯, ૩૧૭, ૩૧૬, ૩૦૯ વિગેરે.

દક્ષિણે : લાગુ તાપી નદી.

પૂર્વે : (મોજે) મોટાવરાછા ગામતળ તથા નગર રચના યોજના નં. ૧૮ (મોટાવરાછા)ની જમીનો.

પશ્ચિમે : મો. ઉત્રાણના બ્લોક નં. ૮૭, ૮૬, ૮૫, ૮૪, ૭૭ વિગેરે તથા જી.ઈ.બી. પાવર હાઉસ તથા મો.કોસાડના બ્લોક નં. ૧૮૧, ૧૮૪, ૧૭૬, ૧૫૧, ૧૫૭, ૧૪૫ વિગેરે.

સદરહુ નગર રચના યોજનાની હદ વિસ્તારમાં સમાવિષ્ટ થતી જમીનોના બ્લોક નંબરોની યાદી :-

મોજે : મોટાવરાછાના બ્લોક નંબર :- ૧૩૬ થી ૨૦૦, ૨૦૧/પૈકી, ૨૦૧/પૈકી, ૨૦૨ થી ૨૨૭ ૨૨૮ થી ૨૩૧, ૨૩૨/પૈકી, ૨૩૨/પૈકી, ૨૩૩ થી ૨૯૭.

મોજે : ઉત્રાણના બ્લોક નંબર :- ૭૮, ૭૯, ૮૦, ૮૧, ૮૨/પૈકી, ૮૩/પૈકી.

**પ્રમુખ સ્થાનેથી રજુ થયેલ કામ નં. ૨.**

**મોજે : મોટાવરાછા તથા ઉત્રાણ, તા. ચોર્યાસી વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની જોગવાઈઓ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૪ (મોટાવરાછા તથા ઉત્રાણ) તૈયાર કરવા અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ હેઠળ સદરહું યોજનાનો ઈરાદો પ્રસિધ્ધ કરવા બાબત.**

ઠરાવ નંબર : ૨૪૭૯ (૨)

એજન્ડા નોંધમાં નિર્દિષ્ટ વિગતોએ મોજે : મોટાવરાછા તથા ઉત્રાણ વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. : ૨૪ (મોટાવરાછા-ઉત્રાણ) : સુડા : સુરતથી હદ દર્શાવતા મુખ્ય નગર નિયોજકશ્રીના પરામર્શમાં મંજુર થઈ આવેલ હદ નકશા તથા સર્વે થયેલ ઓ.પી. પ્લાન વિગેરે બોર્ડ બેઠકમાં રજુ રાખવામાં આવેલ અને તે અંગેની વિકાસ યોજનાની વિગતવાર માહિતી અને સમજ બોર્ડના સભ્યોશ્રીને આપવામાં આવી, સદરહું બાબતે સઘળી વિગતોની ચર્ચા કરવામાં આવી અને સર્વાનુમતે ઠરાવ્યું કે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે સરકારશ્રી દ્વારા રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત દ્વારા ગુજરાત રાજ્યના મુખ્ય નગર નિયોજકશ્રીના પ્રતિનિધિ સાથે વિચાર-વિનિમય કર્યા પછી ઠરાવે છે કે, સુરત શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ સહી કરેલ છે. તે નકશામાં, બોર્ડ બેઠકમાં રજુ કરેલ પીન્ક (ગુલાબી) રંગથી દર્શાવેલ સુડાના શહેરી વિકાસ વિસ્તાર પૈકીના મોજે : મોટાવરાછા તથા ઉત્રાણ, તા. ચોર્યાસી વિસ્તાર માટે મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૪ (મોટાવરાછા તથા ઉત્રાણ) સુડા, સુરત બનાવવાનો ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ જાહેર કરે છે અને ઉપરોક્ત જાહેર કરેલ ઈરાદાને કાયદાકીય પ્રસિધ્ધિ આપવા યોગ્ય તજવીજ કરવા અને તેની જાણ તથા નકશાની નકલ ગુજરાત સરકારશ્રીને મોકલી આપવા તેમજ સ્થાનિક વર્તમાનપત્રમાં તથા સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તથા પ્રસ્તૃત નગર રચના યોજનામાં, સરકારશ્રીના તા. ૧૧-૧૦-૯૯ના પરિપત્રની વિગતોએ અત્રેના સત્તામંડળ દ્વારા તા. ૧૨-૩-૨૦૦૧ના રોજ ઠરાવેલ માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ કપાતનું ધોરણ રાખવાનું તથા સદર મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવાના સમય દરમ્યાન પણ સંબંધક જમીન માલિક/કબ્જેદાર દ્વારા કપાતની સંમતિ રજુ કર્યેથી જાહેર વિકાસનો હેતુ ધ્યાને લઈને જે તે જમીનમાં વિકાસ પરવાનગી આપવાનું અને મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજુરી માટે સાદર કરવાની જરૂરી આગળની નિયમોનુસારની તમામ કાર્યવાહી કરવા માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુડાને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવ્યું.

---

પ્રમુખ સ્થાનેથી રજુ થયેલ કામ નં. ૩.

મોજે : મોટાવરાછા, તા. ચોર્યાસી વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની જોગવાઈઓ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૫ (મોટાવરાછા) તૈયાર કરવા અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ હેઠળ સદરહુ યોજનાનો ઈરાદો પ્રસિધ્ધ કરવા બાબત.

ઠરાવ નંબર : ૨૪૭૯ (૩)

એજન્ડા નોંધમાં નિર્દિષ્ટ વિગતોએ મોજે : મોટાવરાછા વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. : ૨૫ (મોટાવરાછા) : સુડા : સુરતની હદ દર્શાવતા મુખ્ય નગર નિયોજકશ્રીના પરામર્શમાં મંજુર થઈ આવેલ હદ નકશા તથા સર્વે થયેલ ઓ.પી. પ્લાન વિગેરે બોર્ડ બેઠકમાં રજુ રાખવામાં આવેલ અને તે અંગેની વિકાસ યોજનાની વિગતવાર માહિતી અને સમજ બોર્ડના સભ્યોશ્રીને આપવામાં આવી. સદરહું બાબતે સઘળી વિગતોની ચર્ચા કરવામાં આવી અને સર્વાનુમતે ઠરાવ્યું કે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે સરકારશ્રી દ્વારા રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત દ્વારા ગુજરાત રાજ્યના મુખ્ય નગર નિયોજકશ્રીના પ્રતિનિધિ સાથે વિચાર-વિનિમય કર્યા પછી ઠરાવે છે કે, સુરત શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ સહી કરેલ છે. તે નકશામાં, બોર્ડ બેઠકમાં રજુ કરેલ પીન્ક (ગુલાબી) રંગથી દર્શાવેલ સુડાના શહેરી વિકાસ વિસ્તાર પૈકીના મોજે : મોટાવરાછા, તા. ચોર્યાસી વિસ્તાર માટે મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૫ (મોટાવરાછા) સુડા, સુરત બનાવવાનો ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૧) હેઠળ જાહેર કરે છે અને ઉપરોક્ત જાહેર કરેલ ઈરાદાને કાયદાકીય પ્રસિધ્ધ આપવા યોગ્ય તજવીજ કરવા અને તેની જાણ તથા નકશાની નકલ ગુજરાત સરકારશ્રીને મોકલી આપવા તેમજ સ્થાનિક વર્તમાનપત્રમાં તથા સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તથા પ્રસ્તુત નગર રચના યોજનામાં, સરકારશ્રીના તા. ૧૧-૧૦-૯૯ના પરિપત્રની વિગતોએ અત્રેના સત્તામંડળ દ્વારા તા. ૧૨-૩-૨૦૦૧ના રોજ ઠરાવેલ માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ કપાતનું ધોરણ રાખવાનું તથા સદર મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવાના સમય દરમ્યાન પણ સંબંધક જમીન માલિક/કબજેદાર દ્વારા કપાતની સંમતિ રજુ કર્યેથી જાહેર વિકાસનો હેતુ ધ્યાને લઈને જે તે જમીનમાં વિકાસ પરવાનગી આપવાનું અને મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજુરી માટે સાદર કરવાની જરૂરી આગળની નિયમોનુસારની તમામ કાર્યવાહી કરવા માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુડાને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવ્યું.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.